RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 303, Dt.12-02-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# નીતિશ ફરી નહીં પલટે, તેની મોદી ગેરંટી આપશે?




## બિહાર વિધાનસભામાં એનડીએની નીતિશ સરકારના ફ્લોર ટેસ્ટ પર તેજસ્વી યાદવે કર્યા આકરા પ્રહારઃ સ્પીકર અવધ બિહારી ચૌધરી સામેની અવિશ્વાસની દરખાસ્ત ધ્વનિ મતથી પસાર થઈ, તરફેણમાં ૧૨૫ અને વિરુદ્ધમાં ૧૧૨ વોટ પડયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બિહારમાં મહાગઠબંધનનો સાથ છોડીને ફરી એનડીએ સાથે જોડાયેલા સીએમ નીતીશ કુમાર વિધાનસભામાં વિશ્વાસ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ ચર્ચામાં ભાગ લેતાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે ભાજપ અને નીતીશ કુમાર બંનેને ઘેરતા કહ્યું હતું કે નીતિશજી પલટશે કે નહીં પલટે તેની શું મોદીજી ગેરંટી આપશે?. આ પહેલા અવધ બિહારી ચૌધરીને વિધાનસભા સ્પીકર પદેથી હટાવવાનો પ્રસ્તાવ ધ્વનિ મતથી પસાર કરાયો હતો. આ પ્રસ્તાવ પર વોટિંગ કરાયું.જેમાં સ્પીકરની તરફેણમાં ૧૨૫ અને વિરુદ્ધમાં ૧૧૨ વોટ મળ્યા હતાં .

પૂર્વ ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવે નીતીશને ૯મી વખત મુખ્યમંત્રી બનવા પર અભિનંદન પાઠવ્યા હતા અને કહ્યું, મોદીજીની ગેરંટી આપે છે તેઓ કહેશે કે મુખ્યમંત્રી ફરી પલટશે કે નહીં પલટે? નીતિશ કુમાર પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે જો હું ચોર દરવાજાથી આવ્યો તો તે દરવાજો કોણે ખોલ્યો? તેજસ્વીએ કહ્યું કે ભાજપ ભારત રત્નનું સન્માન નહીં, ડીલિંગ કરે છે.

સમ્રાટ ચૌધરીની પાઘડી વિશે તેજસ્વીએ કહ્યું કે, 'તેમને અમારા કાકાએ પાઘડી ઉતારવાની સલાહ આપી હશે. સમ્રાટ ચૌધરીના પિતા અમારી પાર્ટીમાં રહ્યા છે, તેમણે નીતિશ વિશે શું કહ્યું છે તે અમે જણાવવા માંગતા નથી. બિહારના બાળકોને પૂછો કે તેઓ કયા શબ્દોનો ઉપયોગ કરશે, અમે તે કહી શકતા નથી. શું મોદીજી એવી ગેરંટી આપશે કે નીતીશ ફરી ગુલાંટ નહીં મારે?'

તેજસ્વી યાદવે આક્રમક અંદાજમાં કહ્યું કે, 'તમારે અમને જણાવી દેવાની જરૂર હતી કે તમે અમને છોડીને જઈ રહ્યા છો. ૨૦૨૦માં આપણે ગઠબંધન બનાવ્યું હતું પરંતુ આપણા ગઠબંધનમાં કોઈ તકલીફ નહોતી. અમે હવે એકલા જ મોદીને બિહારમાં રોકીશું.'નીતીશ કુમારે અમને પહેલા પણ આશીર્વાદ આપ્યા હતા કે હવે અમે જ આગળ વધીશું. અમે માનીએ છીએ કે અમે વનવાસ કરવા આવ્યા નથી. નીતીશજીએ અમને કહ્યું હતું કે ભાજપના લોકો અમને ફસાવવા માટે ઊઉ-ઈઈઈનો ઉપયોગ કરે છે. આખરે શું થયું કે તમારે આ નિર્ણય લેવો પડ્યો?

તમે કહ્યું હતું કે અમે ગઉઅ છોડી દીધું છે કારણ કે અમારી પાર્ટીને તોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. તમે કહ્યું હતું કે અમારો એકમાત્ર ઉદ્દેશ્ય દેશભરના વિરોધ પક્ષોને એક કરવાનો છે. તમે તમારી વાતથી ફરી ગયા.આરજેડી નેતાએ કહ્યું કે અમે કહ્યું હતું કે જો અમે તમારી સાથે આવીશું તો તમે અમને ખાતરી આપો કે અમને વચન આપ્યા મુજબ ૧૦ લાખ નોકરીઓ આપીશું,રબાદ સીએમએ કહ્યું કે નાણા સચિવ જતા રહ્યા છે. તે તમને સમજાવશે. તેઓ અમને ફાઇલ બતાવે છે, તે કેવી રીતે થશે. પરંતુ અમે તેને ૧૭ મહિનામાં હાંસલ કરી લીધું. અમે થાકેલા મુખ્યમંત્રીને દોડાવવાનું કામ કર્યું.'

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાલથી યુએઈના પ્રવાસેઃ અબુધાબીમાં પહેલું હિન્દુ મંદિર ખુલ્લુ મુકશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**



વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે સંયુક્ત આરબ અમીરાતની બે દિવસીય યાત્રા કરશે.આ દરમ્યાન તેઓ રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાનની સાથે વિવિધ વિષયો પર ચર્ચા કરશે અને અબુધાબીમાં પ્રથમ હિન્દુ મંદિરનુ ઉદઘાટન કરશે.વિદેશ મંત્રાલયે શનિવારે યાત્રાની જાહેરાત કરતાં કહ્યું કે ૨૦૧૫ બાદથી પીએમ મોદીની સંયુક્ત અરબ અમીરાતની સાતમી યાત્રા હશે. તેમાં કહેવામાં આવ્યું છે કે પીએમ મોદી અને યુએઈના પ્રમુખ અલ નાહયાન બન્ને દેશો વચ્ચે વ્યુહાત્મક ભાગીદારીને વધુ ગાઢ વિસ્તૃત અને મજબુત કરવાનાં માર્ગો પર ચર્ચા કરશે. અને પરસ્પર હિતના પ્રાદેશીક અને આંતર રાષ્ટ્રીય મુદાઓ પર વિચારોનું આદાનપ્રદાન કરશે. વિદેશ મંત્રાલયે કહ્યું કે પીએમ મોદી યુએઈના ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને સંરક્ષણ મંત્રી શેખ મોહમ્મદ બિન રાશીદ અલ મકતુમને પણ મળશે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું તેમનાં નિમંત્રણ પર પ્રધાનમંત્રી મોદી દુબઈમાં આયોજીત થનાર વર્લ્ડ ગવર્નમેન્ટ સમીટ ૨૦૨૪ માં સન્માનીત અતિથિના રૂપમાં ભાગ લેશે અને શિખર સંમેલનમાં એક વિશેષ સંબોધન આપશે.મંત્રાલયે નિવેદનમાં કહ્યું કે પીએમ મોદી અબુધાબીમાં પ્રથમ હિન્દુ મંદિર બીએપીએસ મંદિરનું ઉદઘાટન કરશે સાથે તેઓ ઝાયદ સ્પોર્ટ્સ સીટીમાં એક કાર્યક્રમમાં સંયૂકત આરબ અમીરાતમાં ભારતીય સમુદાયનાં લોકોને પણ સંબોધીત કરશે.''

વિદેશ મંત્રાલયે કહ્યું ભારત અને યુએઈ વચ્ચે મજબુત રણનીતિ સાંસ્કૃતિક અને આર્થિક સંબંધો પર આધારીત મધુર, ધનિષ્ઠ અને બહુઆયામી સબંધ છે.ઓગસ્ટ ૨૦૧૫ માં પીએમ મોદીની યુએઈની ઐતિહાસીક યાત્રા બાદ બન્ને દેશો વચ્ચે દ્વિપક્ષીય સબંધોને વ્યાપક રણનીતિક ભાગીદારી સુધી વધારવામાં આવ્યા છે.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું ટંકારામાં કરાયું ઉષ્માભર્યુ સ્વાગત

## મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની ૨૦૦મી જન્મ જયંતી નિમિત્તે યોજાયેલાં કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ સહિત રાજ્યપાલ અને મુખ્યમંત્રીની હાજરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની ૨૦૦મી જન્મજયંતી પ્રસંગે ટંકારા ખાતે ત્રિદિવસિય વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. જ્ઞાન જ્યોતિ પર્વ - સ્મરણોત્સવમાં પધારેલા ભારતના માનનીય રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે ટંકારા તાલુકા પંચાયત નજીક હેલીપેડ ખાતે ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુનું આગમન થતાં અન્ય મહાનુભાવો જિલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેધી, કલેક્ટર કિરણ ઝવેરી અને જિલ્લા પોલીસવડાશ્રી રાહુલ ત્રિપાઠી અને આર્ય સમાજના અગ્રણીઓએ માનનીય રાષ્ટ્રપતિનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

# ટ્રાયલ કોર્ટને નીચલી કોર્ટ કહેવાનું બંધ કરોઃ સુપ્રીમ

**મુખ્ય સમાચાર નવીદિલ્હી**



સુપ્રીમ કોર્ટે પોતાના રજિસ્ટ્રી વિભાગને કહ્યું છે કે, તેઓ ટ્રાયલ કોર્ટને નીચલી કોર્ટ કહેવાનું બંધ કરે. નિર્દેશમાં એ પણ કહેવાયું છે કે ટ્રાયલ કોર્ટના રેકોર્ડને પણ નીચલી કોર્ટના રેકોર્ડ ન કહેવી. જસ્ટિસ અભય એસ. ઓકા અને જસ્ટિસ ઉજ્જ્વલ ભુયને બે લોકોની અરજી પર સુનાવણી કરી, જેમાં અલ્લાહાબાદ હાઈકોર્ટે તેમને આજીવન કેદની સજા સંભળાવવાના નિર્ણયને પડકાર્યો હતો.

આ સુનાવણી દરમિયાન પીઠે કહ્યું કે, 'આ કોર્ટની રજિસ્ટ્રી દ્વારા ટ્રાયલ કોર્ટને નીચલી કોર્ટ કહેવું ખોટું છે. સાથે જ ટ્રાયલ કોર્ટના રેકોર્ને પણ નીચલી કોર્ટના રેકોર્ડ ન કહેવા જોઈએ. રજિસ્ટ્રાર આ આદેશ પર નોટિસ લે.'

અરજી પર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે રજિસ્ટ્રીને ટ્રાયલ કોર્ટના રેકોર્ડની સોફ્ટ કોપીની માંગ કરી હતી અને છઠ્ઠી ફેબ્રુઆરીએ સુનાવણી કરી. હવે આઠમી ફેબ્રુઆરીએ આપેલા પોતાના આદેશમાં સુપ્રીમ કોર્ટે આ વાત કરી હતી.

# આગામી ૧૬ ફેબ્રુઆરીએ કિસાનો દ્વારા ભારત બંધનું એલાન

## પંજાબ અને હરિયાણા બોર્ડર સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવી

**મુખ્ય સમાચાર,ચંદીગઢ**

ખેડૂતો હવે પોતાની માંગ પૂરી કરાવવા માટે સરકાર સામે આર-પારની લડાઈના મૂડમાં છે. સંયુક્ત કિસાન મોરચા અને કિસાન મજદૂર મોરચા સહિત ૨૬ ખેડૂત સંગઠનોએ ૧૩ ફેબ્રુઆરીના રોજ દિલ્હી કૂચ કરવાના એલાન બાદ હવે ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધનું એલાન કર્યું છે. બીજી તરફ હરિયાણા સરકારે ખેડૂતોને રોકવા માટે પોતાની તમામ તાકાત લગાવી દીધી છે. પંજાબ અને હરિયાણા બોર્ડર સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવી છે. આ સાથે જ મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે.



પંજાબના ખેડૂતોએ એલાન કર્યું છે કે, ૧૦ હજાર ટ્રેક્ટર ટ્રોલીઓમાં દિલ્હી જવા માટે હરિયાણામાં દાખલ થઈશું. તેના માટે શંબૂ બોર્ડર, ડબવાલી અને ખનૌરી બોર્ડર પસંદ કરવામાં આવી છે. આ ત્રણેય બોર્ડરોને સીલ કરી દેવામાં આવી છે. આ બોર્ડર પર મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરી દેવામાં આવ્યા છે. પોલીસની સાથે પંજાબ-હરિયાણા બોર્ડર પર BSF અને RAFના જવાનોને પણ તૈનાત કરવામાં આવ્યા છે.

પંજાબના ખેડૂતોને હરિયાણા થઈને દિલ્હી જતા રોકવા માટે અંબાલામાં કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. પંજાબ અને હરિયાણા વચ્ચેની શંભૂ બોર્ડરને સિમેન્ટ બેરિકેડિંગ અને કાંટાળા તારથી સંપૂર્ણ સીલ કરી દેવામાં આવી છે. વહીવટી તંત્રએ ઘગ્ગર નદી પર બનેલા બ્રિજને પણ બંધ કરી દીધો છે. બહાદુરગઢમાં પાંચ લેયરની સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ટિકરી બોર્ડર પર કાંટાળા તાર અને સિમેન્ટના બેરિકેડ લગાવવામાં આવ્યા છે.

પટિયાલાથી અંબાલાના રોડનો રૂટ ડાયવર્ટ કરી દેવામાં આવ્યો છે. સોનીપત, ઝજ્જર, પંચકુલા બાદ કૈથલમાં પણ કલમ ૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. પંજાબથી ચંદીગઢ થઈને ખેડૂતો પંચકુલાના રસ્તે પણ દિલ્હી જવા માટે હરિયાણામાં પ્રવેશ કરી શકે છે.

હરિયાણા પોલીસે ટ્રાફિક એડવાઈઝરી પણ જારી કરી છે. જેમાં લોકોને પંજાબ જવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે. જો સ્થિતિ વણસી તો અંબાલા-ચંદીગઢ નેશનલ હાઈવે-૧૫૨, અંબાલા-હિસાર નેશનલ હાઈવે-૬૫, પાણીપત-જાલંધર નેશનલ હાઈવે-૪૪ અને અંબાલા-કાલા અંબ નેશનલ હાઈવે-૩૪૪ને પણ બંધ કરવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં લોકોની મુશ્કેલીમાં વધારો થશે. હરિયાણાના ૭ જિલ્લામાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે.

ખેડૂતો અને કેન્દ્ર સરકાર વચ્ચે બીજા તબક્કાની બેઠક ચંદીગઢમાં ૧૨ ફેબ્રુઆરીએ સાંજે ૫:૦૦ વાગ્યે સેક્ટર ૨૬ મહાત્મા ગાંધી સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં યોજાશે. કેન્દ્ર સરકાર તરફથી કેન્દ્રીય મંત્રી અર્જુન મુંડા, પીયૂષ ગોયલ અને નિત્યાનંદ રાય બેઠકમાં સામેલ થશે.

# ટીમ ઈન્ડિયાનું રાજકોટમાં આગમન થતાં ક્રિકેટપ્રેમીઓએ હર્ષભેર આવકાર્યા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ચાલી રહેલી ટેસ્ટ સિરીઝની ત્રીજી મેચ રાજકોટમાં ૧૫ ફેબ્રુઆરીના રોજ રમાશે. જેને લઇ રાજકોટ શહેરમાં ક્રિકેટ ફીવર છવાયો છે. ભારતીય ટીમ કાલાવડ રોડ પર આવેલી સયાજી હોટલમાં અને ઇંગ્લેન્ડ ટીમ ૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલી ફોર્ચ્યુન હોટેલમાં રોકાવાની છે. આજે ભારતીય ટીમના ખેલાડીઓ રાજકોટ આવી પહોંચ્યા હતા. જ્યાં કાલાવડ રોડ પર સયાજી હોટલ ખાતે ખેલાડીઓનું તિલક કરી અને બુકે આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સાથે ગુજ્જુ ખેલાડી અક્ષર પટેલ પોતાના પત્ની સાથે સેલ્ફ ડ્રાઇવ કરી રાજકોટ પહોંચ્યો હતો.

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ સિરીઝની ત્રીજી મેચ રાજકોટમાં ૧૫ ફેબ્રુઆરીના રોજ રાજકોટમાં રમાવાની છે. જેને લઇ તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહી છે. મેચના ચાર દિવસ પહેલા એટલે કે ૧૧ ફેબ્રુઆરીને રવિવારના રોજ ભારતીય ટીમના ખેલાડીઓનું રાજકોટમાં આગમન થયું છે. ટીમ ઇન્ડિયાના ખેલાડીઓ કાલાવડ રોડ પર હોટેલ સયાજી ખાતે રોકાણ કરવાના છે. જ્યારે ઇંગ્લેન્ડ ટીમ ૧૨ ફેબ્રુઆરીના રોજ સોમવારે રાજકોટ આવી ૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલી હોટલ ફોર્ચ્યુન ખાતે રોકાશે. ભારતીય ખેલાડીઓનું તિલક કરી બુકે આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

હોટલ સયાજી ખાતે ટીમ ઇન્ડિયાને ૭૦ જેટલા રૂમ ફાળવવામાં આવ્યા છે. જેમાં ટીમ ઇન્ડિયાના કેપ્ટન અને કોચને સ્પેશિયલ પ્રેસિડેન્શિયલ સ્યુટ રૂમ ફાળવવામાં આવ્યો છે. આ પ્રેસિડેન્શિયલ સ્યુટ રૂમની અંદર ૧૦૦ ખઇડજઈન્ટરનેટ સ્પીડ, જકુસી બાથ, મિટિંગ રૂમ, વન કિંગ સાઈઝ બેડ, અને સાઉન્ડ પ્રુફ રૂમ સહિતની વિશિષ્ટતાઓ પ્રેસિડેન્શિયલ સ્યુટ રૂમમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. હોટલના દરેક રૂમ રોયલ રજવાડી થીમ પર સજવામાં આવેલા છે. જેમાં રૂમની અંદર ગુજરાત અને ભારતના હેરિટેજ પેલેસની અલગ અલગ તસવીરો મુકવામાં આવી છે.

તો આ સાથે જ ટીમ ઇન્ડિયાના ખેલાડીઓ માટે જીમ, સ્વિમિંગ પૂલ સહિતની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ટીમ ઇન્ડિયાના કેટલાક ખેલાડીઓ અગાઉ પણ રાજકોટની સયાજી હોટેલ ખાતે રોકાણ કરી ચુક્યા છે માટે તેમને મન પસંદ વાનગીઓ પણ પીરસવા માટે હોટેલ સ્ટાફ દ્વારા તૈયારીઓ કરી દેવામાં આવી છે. તેમાં પણ આ વખતે ૧૩ ફેબ્રુઆરીના રોજ ગુજરાતી વાનગીઓ પીરસવામાં આવશે. સવારે નાસ્તામાં ગાંઠિયા, જલેબી, થેપલા વગેરે વાનગીઓ આપવામાં આવશે. જ્યારે બપોરે સયાજી સ્પેશિયલ ગુજરાતી થાળી અને રાત્રે દહીં તિખારી, વઘારેલો રોટલો, ખીચડી, કઢી, રોટલા, રોટલી પીરસવામાં આવશે.

ભારત અને ઇંગ્લેન્ડ વનડે સિરીઝની શરૂઆત થઇ ચુકી છે. ત્યાર રાજકોટમાં તો અત્યારથી જ ક્રિકેટ ફીવર જોવા મળી રહ્યો છે. હોટેલ બહાર તેમજ રસ્તા પર ટીમ ઇન્ડિયાના ખેલાડીઓને સ્વાગત સાથેના કટઆઉટસ અને વેલકમ બેનર હોર્ડિંગ્સ જોવા મળી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટના ખંઢેરી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે અત્યાર સુધી કુલ ૨ ટેસ્ટ મેચ રમાઈ ચુકી છે. જેમાં એક મેચમાં ભારતની જીત થવા પામી છે. જ્યારે એક મેચ ડ્રો થઇ હતી. આ અગાઉ વર્ષ ૨૦૧૬માં સ્ટેડિયમ ખાતે પ્રથમ ટેસ્ટ મેચ પણ ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે જ રમાઈ હતી. ત્યારે આગામી ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થતા ટેસ્ટ મેચને લઇ રાજકોટ સહીત સમગ્ર સૌરાષ્ટ્રના ક્રિકેટ રસિકોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

# રામાપીર ચોકડી પાસે મનહરપુરના યુવાનને પાઈપ–છરી બતાવી મારી નાંખવાની ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં આવેલા મનહરપુર-૧માં રહેતા અને સોઢાએ યુનિવર્સિટી પોલીસ મથકમાં ડ્રાઈવિંગ કામ કરી પરિવારને આર્થિક મદદ કરતા દેવેન્દ્રસિંહ ઉર્ફે કાનભા દિપકસિંહ સોઢા નામનો ૨૫ વર્ષનો યુવાન પાંચેક દિવસ પૂર્વે ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલી રામાપીર ચોકડી પાસે હતો ત્યારે યશપાલ કાઠી, મોરલી આહીર, રઘુ કાઠી અને પ્રકાશ ઉર્ફે પીન્ટુ બ્રાહ્મણ નામના ચારેય શખ્સોએ ઝઘડો કરી બીભત્સ ગાળો ભાંડી પાઈપ અને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની દેવેન્દ્રસિંહ ઉર્ફે કાનભા

રાજકોટ શહેરમાં આવેલા મનહરપુરમાં રહેતા દેવેન્દ્રસિંહ ઉર્ફે કાનભા દીપકસિંહ સોઢા નામનો ૨૫ વર્ષનો યુવાન ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર રામાપીર ચોકડી નજીક હતો ત્યારે જૂની અદાવતનો ખાસ રાખી ચાર શખ્સોએ પાઇપ અને છરી બતાવી મારી નાખવાની ધમકી આપી હોવાની પોલીસ દફતરે ફરિયાદ ચકચાર મચી જવા પામી છે.

ચારેય શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે પ્રાથમિક પૂછપરછમાં દેવેન્દ્રસિંહ ઉર્ફે કાનભા સોઢા અને ધમકી આપનાર ચારેય શખ્સો વચ્ચે ચાલતી અદાવતનો ખ્યાલ રાખી ચારેય શખ્સોએ બીભત્સ ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદના આધારે યુનિવર્સિટી પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ આઈ.ટી. મોરવાડિયા સહિતના સ્ટાફે કાનૂની તપાસનો દોર લંબાવ્યો છે.

# જૂનાગઢના મજેવડીકાંડના આરોપીઓનો જામીન પર છુટકારો થતા સરઘસ કાઢીને ફટાકડા ફોડાયા

## મંજુરી વગર સરઘસ કાઢી માહોલ તંગ બનાવતા નવ શખ્સો સામે પોલીસે નોંધ્યો ગુનો

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢમાં મજેવડી દરગાહ પાસે થોડા મહિનાં પહેલાં લઘુમતી કોમનાં ટોળાએ પોલીસ પર પથ્થર મારો, વાહનોમાં આગ ચાંપી એક વ્યક્તીનું મોત નિપજાવ્યું હોવાની ઘટના બનવા પામી હતી. જે ઘટનાનાં આરોપીને જામીન મળતાં ગેરકાયદે મંડળી રચી અને માનવ રહેણાક વિસ્તારમાં ફડાકડાં ફોડી, સરઘસ કાઢી જાહેરનામાનો ભંગ કરતાં ૯ ઈસમો વિરૂદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

જૂનાગઢ શહેરમાં બનેલો ચકચારી મજેવડી કાંડનો આરોપી આસીફ ઉર્ફે રાજુ વાલીમહમદ સાંધ, સંધી ગામેતી, રહે. જૂનાગઢને કોર્ટે જામીન મૂક્ત કર્યો હતો. આરોપીને જામીન મળતાં અન્ય ઈસમોને બોલાવી ગેરકાયદે મંડળી રચી કોઈપણ જાતની પરવાનગી વગર સરઘસ કાઢ્યુ હતુ. તેમજ અન્ય ઈસમો પાસે ટાકડા ફોડાવી વિસ્ફોટક પદાર્થ સાથે બેદરકારી ભર્યું આચરણ કરી લોકોમાં ભય ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં આરોપી અલ્લારખા ઉર્ફે ઓસમાણ ઉર્ફે પપ્પુ મામદભાઈ ઉર્ફે નાથાભાઈ સમા, હબીબ ઈશા સંઘ, આરીફ મામદભાઈ ઉર્ફે નાથાભાઈ સમા, અલ્ફેજ ઉર્ફે ગજની શેખ, સોહીલ બાબુ સાંધા, સાહીદ ઉર્ફે પેંડો સમા, હાજી ઉર્ફે ડબાવાળો અલીભાઈ ઢેબા, સમીર સાંધ અને તપાસમાં જે પણ ઈસમોનાં નામ ખુલ્લે આ તમામ લોકો વિરૂદ્ધ પોલીસે ગુન્હો દાખલ કર્યો છે. તમામ વિરૂદ્ધ જાહેરનામા ભંગ સહીતનો ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરમાં કથળી ગયેલી સીટીબસની સુવિધા તેમજ અનિયમિતતા બાબતે NSUIએ આપ્યું આવેદન



રાજકોટમાં સીટીબસની સુવિધા વધવાને બદલે ઘટી રહી છે. આ સંદર્ભે આજે એનએસયુઆઈ દ્વારા મ્યુ.કમિશનરને આવેદનપત્ર સુપ્રત કરાયું જેમાં જણાવાયું હતું કે સીટીબસની અનિયમિતત્તાને કારણે વિદ્યાર્થીઓને ખુબ મુશ્કેલીઓ પડી રહી છે. વધુમાં બસના ડ્રાઈવરો તેમજ કન્ડકટર દવારા ગેરવ્યવહાર કરવામાં આવી રહ્યો છે. તો આ બાબતે ચોક્કસ પગલા લેવામાં આવે.

# ઉપલેટાના ભાયાવદર ગામની સીમમાં જુગાર રમતા છ શકુનીઓની ધરપકડ

## સ્થાનિક પોલીસે દરોડો પાડી રૂ.૬૨૬૮૦ની રોકડ કબજે કરી કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

ઉપલેટાના ભાયાવદર ગામે વાડી વિસ્તારમાં જુગારનો અખાડો ચાલતો હોવાની હકીક્તના આધારે ભાયાવદર પોલીસે દરોડો પાડી રૂ.૬૨૬૮૦ની રોકડ સાથે છ શખ્સોની ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ભાયાવદર પોલીસમાં એએસઆઈ પી.પી.જાડેજા કોન્સ્ટેબલ વિપુલભાઈ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે ભાયાવદર પ્લોટમાં રહેતો જગદિશ ધરમશી વિરપરીયાની વાડીમાં જુગારનો અખાડો ચાલતો હોવાની હકીક્તના આધારે પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા ભાયાવદરમાં સીનેમા રોડ પર રહેતો હિમાંશુ રમેશ માકડીયા, કૃષ્ણનગરમાં રહેતો કિશોર લક્ષ્મણ માકડીયા, વાડી માલીક જગદીશ ધરમશી વિરપરીયા, ગંજીવાડામાં રહેતો મનસુખ રામજી માકડીયા, હાઈસ્કૂલ મેદાનના ખૂણે રહેતો સંજય બાબુલાલ દઢાણીયા અને મેઈન બજારમાં ભોજાણી શેરીમાં રહેતો સુરેસ જમનાદાસ ભોજાણી સહિત છ શખ્સોની પોલીસે ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૬૨૬૮૦ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ફ્રૂટ કાર્ટ દ્વારા વેલેન્ટાઈન ડેના સ્લમ વિસ્તારમાં એક હજાર ફ્રૂટ ડીસનું કરાશે વિતરણ

## ભાઈબેનની જોડીએ રંગ જમાવ્યો:અમીન માર્ગ પાસે શરૂ કરાયેલ ધ ફ્રૂટ કાર્ટને ત્રણ વર્ષ પૂર્ણ થતા કરાયું સુંદર આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના અમીન માર્ગ રોડ પર સ્વામિનારાયણ મંદિરની સામે આવેલ ફ્રૂટ ડીસનું વિતરણ કરતા ફ્રૂટ કાર્ટને ત્રણ વર્ષ આગામી તા.૧૪ના પૂર્ણ થઈ રહ્યા છે. ત્રણ વર્ષ પૂર્ણ થતા વેલેન્ટાઈન ડેના દિવસે પૂજન વોરા તેમજ તેમની બહેન પ્રણાલી વોરા કે જેઓ ભાઈબહેનની જોડી તરીકે શહેરમાં જાણીતા બન્યા છે. તેઓ દવારા શહેરની જુદી-જુદી ઝુપડપટ્ટીના અંદાજીત એક હજાર લોકો માટે ફ્રૂટ ડીસનું વિતરણ કરવામાં આવશે.

આ સંદર્ભે આજે યોજાયેલ પત્રકાર પરિષદમાં માહિતી આપતા પૂજન વોરાએ જણાવ્યું હતું કે કોરોનાના વિપરીત સમય દરમિયાન તેમના પરિવાર દવારા લોકોની સુખાકારી માટે ઉકાળાનું વિતરણ કરાયું હતું. જે બાદ તેમાંથી એક અલગ વિચાર સાથે તેઓએ તેમજ તેમની બહેન પ્રણાલી વોરાએ અમીન માર્ગ નજીક ધ ફ્રૂટ કાર્ટ નામની શોપ શરૂ કરી હતી. જેના દવારા શહેરીજનોને મીઠા ફ્રૂટની ડીસ પીરસવામાં આવી રહી છે. જેને ત્રણ વર્ષ પૂર્ણ થયા છે. આ ત્રણ વર્ષની ઉજવણીના ભાગરૂપે




(તસ્વીરઃ આનંદ જાવિયા)

તેઓએ ગરીબ પરિવારોને એક હજાર ફ્રૂટ ડીસ વિતરણ કરવાનું નક્કી ર્ક્યું છે.

આ અનુસંધાને પ્રણાલી વોરાએ જણાવ્યું હતું કે ૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન ડે અમારા માટે ખાસ વિશેષતા ધરાવે છે. આ દિવસે અમો ગરીબ પરિવારના ચહેરા પર ખુશી જોવા આત્તુર છીએ જેને લઈ અમોએ આ દિવસે ફ્રૂટ ડીસ વિતરણ કરવાનું નક્કી ર્ક્યું છે. તેઓએ વધુમાં જણાવ્યું કે ખાઈને ખુશી મળે તેના કરતા બીજા લોકોને ખવડાવીએ તેમાં વધુ ખુશી મળે છે. તેઓએ પોતાના માતા-પિતા લીનાબેન વોરા તથા ભાવિનભાઈ વોરાના સહયોગને વિશેષ યાદ કરી જણાવ્યું કે તેઓના સહકાર વગર તેઓ ફ્રૂટ કાર્ટ શરૂ કરી શક્યા ન હોત. પત્રકાર પરિષદમાં મનિકા વોરા, લીનાબેન વોરા, ભાવિનભાઈ વોરા તેમજ મેનેજર કમલસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યાં હતા.

# મંત્રી મૂળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને વર્ષ ૨૦૨૪–૨૫ની જિલ્લા આયોજન મંડળની બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર, રાજ્યના કેબિનેટ મંત્રી અને જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી મૂળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને વર્ષ ૨૦૨૪-૨૫ની જિલ્લા આયોજન મંડળની બેઠક કલેક્ટર કચેરીના સભાખંડમાં યોજવામાં આવી હતી. આ બેઠકમાં પ્રભારીમંત્રી દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ માટે જામનગર જિલ્લાના ૬ તાલુકાઓ જામનગર, કાલાવડ,ધ્રોલ,જોડિયા,લાલપુર તથા જામજોધપુર અને ધ્રોલ,સિક્કા, કાલાવડ અને જામજોધપુર નગરપાલિકાના વિકાસકામો માટે વિવેકાધીન સામાન્ય જોગવાઈ હેઠળ રૂ.૭૬૩.૩૪લાખના કુલ ૨૪૫ કામો તથા અનુસૂચિત જોગવાઈના રૂ.૯૮.૧૦લાખના ૪૫ કામો અને ૫%પ્રોત્સાહક જોગવાઈના રૂ.૨૭.૫૦લાખના ૯ કામો મળી કુલ રૂ.૮૮૮.૯૪લાખના ૨૯૯ કામો મંજૂર કરવામાં આવ્યા હતા.આ બેઠકમાં મંત્રીએ તમામ કામો વહેલી તકે પૂરા કરવા તેમજ ગુણવત્તાયુક્ત કામો કરી અગત્યતા ધરાવતા કામો ઝડપથી પૂરા કરવા સૂચનો કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસર, મેયર વિનોદભાઈ ખિમસુરીયા, ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા, કલેક્ટર બી.કે.પંડ્યા, કમિશ્નર ડી.એન.મોદી, જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજ, નિવાસી અધિક કલેક્ટર બી.એન.ખેર, સામાન્ય વહીવટ વિભાગના સંયુક્ત નિયામક એ.વી.ચાંપાનેરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, જિલ્લા આયોજન અધિકારી પટ્ટણી, તાલુકા પંચાયતના પ્રમુખઓ તેમજ અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીમાં અસ્થિર મગજની મહિલાનું પરિવાર સાથે પુનઃમિલન કરાવતી ટીમ અભયમ

## પત્નીને હેમખેમ ઘેર પહોંચાડનાર ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમનો પરિવારે આભાર વ્યક્ત કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ઘરેથી નીકળ્યા બાદ ભૂલી પડેલી અસ્થિર મગજની મહિલાનું પરિવાર સાથે ટીમ અભયમે પુન:મિલન કરાવ્યું હતું. મહિલાના પતિ સહિતના પરિવારે ટીમ અભયમની કામગીરીને બિરદાવી આભાર વ્યક્ત ર્ક્યો હતો

મોરબીમાં બે દિવસ પૂર્વે એક મહિલા મળી આવ્યા હોવાની સજ્ઞ્જન વ્યક્તિ દ્વારા ૧૮૧ મા ફોન કરી મહિલાની મદદ માટે જાણ કરી હતી. જાણ થતાં જ મોરબીમાં કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઈનની ટીમના કાઉન્સિલર સેજલ પટેલ, કોન્સ્ટેબલ જયેશ્રીબેન અને પાયલોટ પ્રદીપભાઈ ઘટના સ્થળે દોડી ગયા હતા. અને સૌપ્રથમ મહિલાને સાંત્વના આપેલ ત્યારબાદ સજ્ઞ્જન વ્યક્તિ સાથે ચર્ચા કરતા તેમણે જણાવેલ કે આ મહિલા ક્યારના અહીંયા એકલા બેઠા હોય કશું બોલતા ના હોય ત્યારબાદ મહિલાનું કાઉન્સલિંગ કરતા તેઓ ક્યાં રહે છે ક્યાંથી આવ્યા વગેરે પૂછવાના ઘણા પ્રયત્નો કરેલ પરંતુ તે કશું જણાવતા નહી હોવાથી મહિલાને આજુબાજુના વિસ્તારમાં લઈ જઈ પૂછપરછ કરેલ ત્યારબાદ ઘણા પ્રયત્નો બાદ મહિલાનું સરનામું મળી આવતા તે સરનામે લઈ જઈ




મહિલાના પતિને સોંપેલ ત્યારબાદ તેમના પતિનું કાઉન્સલિંગ કરતા તેમણે જણાવેલ કે તેમની પત્ની બે ત્રણ વર્ષથી માનસિક રીતે અસ્વસ્થ છે. તેમની દવા પણ શરૂ છે.

તેમની પત્ની જાણ ર્ક્યા વગર ઘરમાંથી અચાનક નીકળી ગયેલ હોય આજુબાજુના વિસ્તારમાં તેમજ ઘણા લોકોને તેમની પત્ની બાબતે પૂછપરછ કરેલ પરંતુ ક્યાંય ખબર મળેલ નહીં તેવો પણ ચિંતિત હતા ૧૮૧ ટીમે મહિલાને તેમના પતિને સોંપી અને ભવિષ્યમાં તેમની પત્નીનું ધ્યાન રાખવા સૂચના આપી હતી. ઘરેથી નીકળી ગયેલી પત્નીનું પરિવાર સાથે પુન:મિલન કરાવનાર ૧૮૧ અભયમ ટૌમનો પતિ સહિતના પરિવારે આભાર માન્યો હતો.

# જામનગરના બેડી વિસ્તારમાં ગાંજાના અડધો કિલો જથ્થા સાથે એક શખ્સ પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના બેડી વિસ્તારમાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રૃપે માદક પદાર્થ ગાંજાના અડધો કિલો જથ્થા સાથે એક શખસને દબોચી લીધો હતો.પોલીસે ગાંજા સહિતનો મુદામાલ કબજે કરી પુછતાછ કરતા ઉક્ત જથ્થો સુરતના શખસ પાસેથી મેળવ્યો હોવાનુ ખુલ્યુ હતુ.આથી પોલીસે બંને સામે ગુનો નોંધી ગાંજો પુરો પાડનાર શખસને પકડવા તપાસ શરૂ કરી છે.પોલીસસુત્રોમાંથી મળતી વિગત અનુસાર જામનગરમાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રૃપના પીઆઇ બી.એન. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એલ.એમ. ઝેરના નેતૃત્વમાં પોલીસ ટુકડી પેટ્રોલિંગ કરી રહી હતી જે વેળાએ સ્ટાફના ચંદ્રસિંહ, બળભદ્રસિંહ અને વિરેન્દ્રસિંહ સહિતની ટીમને બેડેશ્વર વિસ્તારમાં એક શખસ ગાંજાના જથ્થા સાથે આવવાનો હોવાની બાતમી મળી હતી. જે બાતમીના આધારે પોલીસે બેડી વિસ્તારમાં વોચ ગોઠવી હતી જે દરમિયાન પોલીસને સલીમ સીદીકભાઇ સુંભણીયા (રે. ધરારનગર-૨, બેડેશ્વર, ડાંગરવાડા) નામનો શખસ મળી આવ્યો હતો.જેની પોલીસે તલાશી લેતા તેના કબજામાંથી માદક પદાર્થ ગાંજાનો ૫૦૦ ગ્રામ જથ્થો મળ્યો હતો.આથી પોલીસે ગાંજા અને મોબાઇલ સહિત દશ હજારનો મુદામાલ કબજે કર્યો હતો.પોલીસે પકડાયેલા શખસની પુછતાછ કરતા આ જથ્થો તેણે સુરતના મુકેશ ઉર્ફે ભાઇ નામના શખસ પાસેથી લીધો હોવાનુ કબુલ્યુ હતુ.આથી પોલીસે બંને સામે એનડીપીએસ એકટ હેઠળ ગુનો નોંધી ગાંજો પુરો પાડનારા શખસની શોધખોળ સાથે વધુ તપાસ હાથ ધરી છે.

# 'જુનિયર ટાઇટન્સ'માં રાજકોટના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો

## લાલિગાનાના સહયોગથી કાર્યક્રફમ અંડર–૧૪ બાળકોમાં આઉટડોર સ્પોર્ટ્સ માટેનો પ્રેમ જગાવવા માટે તૈયાર કરવામાં આવ્યો છેઃ રાજકોટની ઈવેન્ટમાં ૧૭ સ્કૂલના ૧૦૦૭ બાળકોએ ભાગ લીધો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ - લાલિગા સાથેના સહયોગમાં ગુજરાત ટાઇટન્સ દ્વારા 'જુનિયર ટાઇટન્સ' - લેટ્સ સ્પોર્ટ આઉટની શનિવારે રાજકોટમાં યોજાયેલી ઈવેન્ટ સફળ રહી હતી. અનેક સ્થાનિક સ્કૂલોએ ભાગ લેતા આ ઈવેન્ટમાં ૧૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં આઉટડોર સ્પોર્ટ્સ માટેના પ્રેમને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધતા જોવા મળી હતી.

રાજકોટમાં આનંદપ્રદ રમતના અનુભવમાં ક્રિકેટ અને ફૂટબોલની ગેમ જોવા મળી હતી જેમાં પ્રતિભાશાળી બાળકોએ વિવિધ સ્પોર્ટ્સ ચેલેન્જમાં ભાગ લીધો હતો. ૧૭ સ્કૂલોના ૧૦૦૭ બાળકોએ વિવિધ સ્પોર્ટ્સ ચેલેન્જ, ઈન્ટરેક્ટિવ ગેમ્સ, એજીલિટી કોર્સ અને પોસ્ટ-ગેમ સ્ટ્રેચિંગ સેશન્સમાં ભાગ લીધો હતો. એક્ટિવ લાઇફસ્ટાઇલ અને પર્સનાલિટી ડેવલપમેન્ટને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત નજુનિયર ટાઇટન્સથ પ્રોગ્રામને રાજકોટમાં અભૂતપૂર્વ હકારાત્મક પ્રતિસાદ મળ્યો હતો.

ગુજરાત ટાઇટન્સના સીઓઓ કર્નલ અરવિંદર સિંહે જણાવ્યું હતું કે ભાગ લેતા દરેક શહેરમાં ઈવેન્ટ જે ઉત્સુકતા જગાવી રહી છે તેને જોઈને અમે ખૂબ જ પ્રોત્સાહિત થયા છીએ. નજુનિયર ટાઇટન્સથ માટે રાજકોટ એક અભૂતપૂર્વ યજમાન સાબિત થયું છે. બાળકોએ વિવિધ ગેમ્સમાં ભાગ લઈને તેમનો ઉત્સાહ, જોશ અને એથ્લેટિક સ્પિરિટ દર્શાવ્યો તે જોવું ખરેખર રોમાંચક હતું. ગુજરાતના બાળકોમાં રમતની ભાવનાને જગાવવાના પ્રયાસરૂપે આ ફ્રેમવર્ક વિકસતું રહેશે.

લાલિગા ઇન્ટરનેશનલ ડિપાર્ટમેન્ટના હેડ ઓક્ટાવિ અનોરોએ જણાવ્યું હતું કે 'જુનિયર ટાઇટન્સ' પ્રોગ્રામ પાયાના સ્તરે સ્પોર્ટ્સને પ્રોત્સાહન આપવામાં સતત મહત્વપૂર્ણ અસર છોડી રહ્યો છે. રાજકોટમાં બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો તે જોઈને ગુજરાત ટાઇટન્સ સાથેની સફરનો ભાગ બનવા બદલ અમે ગર્વ અનુભવીએ છીએ.

'જુનિયર ટાઇટન્સથ પ્રોગ્રામ એક અનન્ય અભિગમ અપનાવે છે અને બાળકના વ્યક્તિગત વિકાસમાં પ્રદાન કરે તેવી એક્ટિવ લાઇફસ્ટાઇલને પ્રમોટ કરે છે. લાલિગા સાથેના સહયોગમાં કરાયેલા આ પ્રયાસનો ઉદ્દેશ્ય બાળકોને વર્લ્ડ-ક્લાસ સ્પોર્ટ્સ બ્રાન્ડ સાથે જોડવાનો અને તેઓ આ પ્રક્રિયા દરમિયાન આનંદ માણે તે સુનિશ્ચિત કરવાનો છે. ગુજરાત ટાઇટન્સ નજુનિયર ટાઇટન્સથ દ્વારા બાળકોમાં હેલ્થ અને એક્ટિવિટીની સંસ્કૃતિને ઉજાગર કરવા માટે પ્રતિબદ્ધ છે. પ્રોગ્રામની સફળ શરૂઆત ગુજરાતના વિવિધ શહેરોમાં આગામી કેટલાક અઠવાડિયા સુધી યોજાનાર શ્રેણીબદ્ધ કાર્યક્રમો માટેનો માર્ગ મોકળો કરે છે.

ગુજરાત ટાઇટન્સ વિશે વધુ અપડેટ્સ મેળવવા માટે, નીચેની લિંક્સ પર ક્લિક કરો: વેબસાઇટ: https://www.gujarattitansipl.com/, ટ્વિટર: https://twitter.com/gujarattitans, ફેસબુક: https://www.facebook.com/GujaratTitansIPL/, યુટ્યૂબ: https://www.youtube.com/c/gujarattitans, ઇન્સ્ટાગ્રામ: https://www.instagram.com/gujarattitans/. રાજકોટની ઈવેન્ટની સફળતાએ ૧૭મી ફેબ્રુઆરીએ ભુજમાં અને ૨૪મી ફેબ્રુઆરીએ અમદાવાદમાં યોજાનારી આગામી નજુનિયર ટાઇટન્સથઈવેન્ટ્સનો તખ્તો તૈયાર ર્ક્યો છે. આગામી ઈવેન્ટ્સની વિગતો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે, જે 'જુનિયર ટાઇટન્સ' પ્રોગ્રામ દ્વારા સંકળાવવા, રમવા અને સ્પોર્ટ્સનો આનંદ ઉઠાવવા માટે બાળકો માટે વધુ તકો પૂરી પાડવાનું વચન આપે છે.

# લાઠી ખાતે ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના અધ્યક્ષસ્થાને આવાસ લોકાર્પણ કાર્યક્રમ સંપન્ન

**મુખ્ય સમાચાર, આદીલખાન પઠાણ**

**બાબરા:** સમગ્ર રાજયમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, પંડિત દિનદયાળ આવાસ યોજના અને આંબેડકર આવાસ યોજનાના આવાસોના લોકાર્પણ અને ખાતમુહૂતનો કાર્યક્રમ યોજાયો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં અને ડીસા ખાતેથી મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં લાઠી માર્કેટિંગ યાર્ડ ખાતે લાભાર્થીઓ જોડાયા હતા. ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા ના અધ્યક્ષ સ્થાને અને જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભરતભાઈ સુતરીયા તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી પી.બી.પંડ્યા ની ઉપસ્થિતિ મા લાઠી ખાતેનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં લાભાર્થીઓને આવાસની પ્રતિકાત્મક ચાવીનું વિતરણ કરવામાં આવ્યું હતું.



આ પ્રસંગે ઉદ્ધબોધન કરતા ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા એ જણાવ્યુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ છેવાડાના માનવીની ચિંતા કરી છે. નાગરિકોને પોતાનું કહી શકાય તેવું પાકું મકાન આવાસ યોજનાઓ થકી મળ્યું છે. આ યોજના અંતર્ગત લાઠી બાબરા વિધાનસભા વિસ્તારમાં ૨૦૩૪ મકાન મંજૂર થયા છે. કોરોના કાળમાં સામાન્ય વ્યક્તિને રાશન મળી શકે તે માટે શરુ થયેલ મફત અનાજની યોજના દ્વારા દેશના ૮૦ કરોડ વ્યક્તિઓને નિ:શુલ્ક અનાજ મળી રહ્યું છે. છેવાડાના માનવીને આવાસ, અનાજ, ઉજ્જ્વલા યોજના દ્વારા ગેસનો ચુલ્લો, ઘરે-ઘરે નળથી પીવાનું શુદ્ધ જળ, આયુષ્માન કાર્ડ દ્વારા આરોગ્ય સેવાઓનો લાભ કેન્દ્ર અને રાજ્ય સરકારે અપાવ્યો છે. આ યોજનામાં રાજ્યમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રુ.૫ લાખનું કવચ વધારી અને રુ. ૧૦ લાખનો લાભ આપવામાં આવી રહ્યો છે.

કાર્યક્રમના પ્રારંભે તાલુકા વિકાસ અધિકારીશ્રી બાબરા એ શાબ્દિક સ્વાગત કર્યુ હતું. તેમજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી પી.બી.પંડ્યાએ પ્રાસંગિક સંબોધન કર્યું હતું તેમજ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા લાઠી તાલુકા તેમજ બાબરા તાલુકાના વહીવટી તંત્રના અધિકારીશ્રી , કર્મચારીઓ તેમજ ભાજપ સંગઠન દ્વારા જહેમત ઉઠાવી હતી

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભરતભાઈ સુતરીયા, જીલ્લા પંચાયતના સદસ્યો, જિલ્લા ભાજપ ના ઉપપ્રમુખ,મહામંત્રી, તાલુકા, જિલ્લાના મોરચાના પ્રમુખ,મહામંત્રી, લાથી-બાબરા શહેર ભાજપના તમામ હોદેદારો, તમામ માર્કેટિંગ યાર્ડ ના ચેરમેનો, નગરપાલિકાના પ્રમુખશ્રી, સરપંચશ્રીઓ,તમામ મોરચા સેલના હોદેદારો, પ્રાંત અધિકારીશ્રી લાઠી, નોડલ ઓફિસર અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી, લાઠી - બાબરા તાલુકાના મામલતદાર, લાઠી - બાબરા તાલુકાના તાલુકા વિકાસ અધિકારી, પદાધિકારીઓ અને જિલ્લા - તાલુકા વહીવટીતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ લાભાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# કોંગ્રેસ નેતા ઈન્દ્રનિલ રાજ્યગુરૂના આક્ષેપોને નકારતી રાજકોટ પોલીસ

## શહેરમાં ચાલતાં દારૂ, ડ્રગ્સના અડ્ડા અંગે રાજ્યગુરૂએ કરેલાં આક્ષેપો સામે પોલીસે પોતે વિવિધ ક્ષેત્રોમાં કરેલી કામગીરીનો ચિતાર રજૂ કર્યો







(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગત સપ્તાહે પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજ્યગુરુ અને કોંગ્રસના આગેવાનો દવારા પોલીસ પર આક્ષેપો કરી કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથરી હોવાનું અને દારૂ જુગારના હાટડા બેફામ પણે ચાલી રહ્યા હોવાનું જણાવી પોલીસ તંત્ર પર ગંભી ર આક્ષેપો કરવામાં આવ્યા હોય જેના પગલે આજે રાજકોટ શહેર પોલીસ કમિશનર દવારા પત્રકાર પરિષદ બોલાવી પોલીસની કામગીરીનો ચીત્તાર રજૂ કરી પૂર્વ ધારાસભ્યના આક્ષેપોનું ખંડન કર્યું હતું.

શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ તથા જોયન્ટ સીપી વિધી ચૌધરી તથા ડિસીપી ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ ડીસીપી ઝોન-૨ સુધીરકુમાર દેસાઈ ટ્રાફિક ડીસીપી પુજા યાદવ સહિતના પોલીસના ઉચ્ચઅધિકારીઓ દવારા પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે રાજકોટ શહેરમાં ટ્રાફિકને લગતી કામગીરી સારા પ્રમાણમાં કરવામાં આવી છે. શહેર પોલીસના ઉચ્ચઅધિકારીઓ દવારા ૨૦૨૩માં વર્ષમાં કુલ ૩૧૧૦ અરજદારોને રૂબરૂ મુલાકાત આપી તેઓના પ્રશ્નો સાંભળી નિકાલ કરવામાં આવ્યો છે. તથા અપહરણના કેસોમાં ૨૦૨૨માં કુલ ૧૦૭ અપહરણના બનાવો બન્યા છે. જે પૈકી ૧૦ છોકરા, ૯૪ છોકરીઓ કુલ ૧૦૪ બાળકોને શોધી કાઢવામાં પોલીસ સફળ રહી છે. ૨૦૨૩માં અપહરણના ૧૪૯ કેસો બન્યા હોય જેમાં ૨૨ છોકરા ૧૦૦ છોકરી કુલ ૧૨૨ બાળકોને પોલીસે શોધી પરિવારને સોપ્યા છે. અકસ્માતના કેસોમાં પણ પોલીસે સત્તર્કત્તા દાખવી કડક કાર્યવાહી કરવામાં આવી છે. છેતરપિંડીના ગુનાઓમાં પોલીસે અનેક ગુના નોંધી લોકોને કરોડોની રકમ પરત અપાવી છે. દેસી દારૂ અને વિદેશી દારૂના અસંખ્ય કેસો નોંધવામાં આવ્યા છે તથા એનડીપીએસના અસંખ્ય કેસ નોંધવામાં આવ્યા છે. આમ શહેર પોલીસની કામગીરી અવિરત ચાલુ રહેશે અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખી લોકોના જાનમાલનું રક્ષણ કરતી રહેશે.

યુનિવર્સિટી પોલીસમાં અગાઉ એક નિવૃત કર્મચારીએ રૂા.દોઢ કરોડની છેતરપિંડીની ફરિયાદ કરી હોય જેના અનુસંધાને પોલીસે તપાસ કરતાં સામાવાળાએ સાટાખત કરી જમીનનો કબ્જો સોંપી દીધો હોય અને આ મેટર રેવન્યુને લગતી હોય જેના પગલે પોલીસે અરજી ફાઈલ કરી હોય જેના અનુસંધાને પૂર્વ ધારાસભ્યએ આ બાબતે આક્ષેપો કર્યા હતાં. પોલીસે તેની ચોકકસ માહિતી આપી આ આક્ષેપ પાયાવિહોણા હોવાનું પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

# કોડીનારમાં પોલીસ પર હુમલો કરનાર મહિલાઓ સહિત સાતની ધરપકડ

## ગીર સોમનાથ એસ.ઓ.જી.ની ટીમને બાતમી મળતા હથિયારો પકડવા ગયા ત્યારે ૧૦ શખ્સોએ હુમલો કર્યોઃ બે પોલીસ જવાન ઘાયલ







**મુખ્ય સમાચાર, કોડીનાર**

કોડીનાર કોડીનારમાં એસ.ઓ.જી ની રેડ દરમિયાન હુમલો થતા બંને પોલીસ કર્મીને ઈજા પહોંચી હતી.ગીર સોમનાથ એસ.ઓ.જી ના મેહુલસિહ પ્રતાપસિંહ પરમાર તથા ગોપાલસિહ ને બાતમી મળી હતી કે કોડીનાર જંગલેશ્વર આગળ વાડીમાં હથિયારો છે હાલ ગીર સોમનાથ એસ.ઓ.જી ગેરકાયદેસર હથિયારોની તપાસમાં હોય એટલે પોતાની કાર લઈને બંને તપાસમાં ગયા ત્યારે આ વાડીમાં ૬ થી ૭ ઈસમો ખાવાની પાર્ટી મનાવતા હતા ઓચિંતા રેડ આવતા બધા એક સંપ કરી બંને જવાનો ઉપર લાકડા પાઈપ છરી વડે હુમલો કરતા મેહુલસિંહ પરમારને માથા ના ભાગે તથા ગોપાલસિહને ઈજા પહોંચતા પોલીસનો કાફલો ત્યાં આવી પહોંચ્યો હતો અને બંનેને સારવાર માટે રા.ના.વાળા હોસ્પિટલ ખાતે સારવારમાં મોકલવામાં આવ્યા બીજી તરફ પોલીસ મેહુલસહ પરમાર ની ફરિયાદ આધારે રાઉન્ડપ કર્યું હતું અને ૧૦ પૈકી ૭ ની ધરપકડ કરવામાં આવી હતી જ્યારે ૩ હજુ ફરાર છે અને મેહુલસિહ પી પરમારે સંજયભાઈ ભગવાનભાઈ ચૌહાણ,કેતનભાઈ મકવાણા, રાકેશ સોલંકી, સિદ્ધાર્થ મેર, દિવાળીબેન ચૌહાણ, દર્શનાબેન ચૌહાણ, ભાવનાબેન ચૌહાણ,રેખાબેન ધીરુભાઈ, લાલજી સરમણભાઈ અને એક અજાણ્યા શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી જેથી ૭ પકડાયા હતા અને ૩ ફરાર છે વધુ તપાસ પી.એસ.આઈ પી.એમ.ચાવડા ચલાવી રહ્યા છે.

# થોરાળાના ઔદ્યોગિક વિસ્તારમાં પરપ્રાંતિય મજુરોના મોબાઈલ ચીલ ઝડપ કરતી સમડી ઝડપાઈ

## પોલીસે બાતમીના આધારે અમુલ સર્કલ પાસેથી બે શખ્સોને દબોચી લઈ રૂ.૪.૨૮ લાખની કિંમતના ૫૯ મોબાઈલ કબજે ક્ર્યા





**મુખ્ય સમાચાર રાજકોટ**

થોરાળા વિસ્તારમાં આવેલ ઈન્સ્ટ્રીયલ એરિયામાં રાત્રીના સમયે કારખાનામાં કામ કરી ઘરે પરત જતા પરપ્રાંતિય મજૂરોને નિશાન બનાવી મોબાઈલની ચીલ ઝડપ કરી સમડી અંધારમાં ઓગળી જતી હોય આવા બનાવોનું પ્રમાણ વધતા પોલીસના ઉચ્ચ અધિકારી દવારા સૂચના આપવામાં આવી હતી કે ચીલ ઝડપના બનાવો અટકાવવા અને આરોપીઓને શોધી કાઢવા જેના પગલે થોરાળા પોલીસેન મોબાઈની ચીલઝડપ કરતી સમડીને દબોચી લઈ રૂ.૪.૨૮ લાખની કિંમતના ૬૯ મોબાઈલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ અંગેની માહિતી મુજબ થોરાળા પોલીસના પીએસઆઈ એચ.ટી.જીંજાળા, હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ જાડેજા, સંજયભાઈ હેરમા સહિતનો સ્ટાફ ૮૦ ફૂટ રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે અમૂલ સર્કલ પાસે બે શખ્સો પાંચ એન્ડ્રોઈ મોબાઈલ લઈ ઉભા હોવાની હકીક્તના આધારે પોલીસે ઉપરોક્ત સ્થેળેથી વાવડી ગામે શીવધારા સોસાયટી પાસે ખોડિયારનગરમાં રહેતો શાહનવાઝ ઉર્ફે નવાઝ અનવર વરિયા તથા અમન ઉર્ફે બાટલી જાવીદ કૈયદા સહિત બે શખ્સોને દબોચી લઈ પોલીસે ઈ-ગુજકોપ એપની મદદથી રાજકોટ શહેર અને આજુબાજુ વિસ્તારોમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં રાત્રીના સમયે પરપ્રાંતિયોના મજૂરોના મોબાઈલની ચીલઝડપ કરી સમડી નાસી ગઈ હોય તેવા બનાવોની તપાસ કરતા અને ઝડપાયેલા બંને આરોપીઓની આકરી પૂછપરછ કરતા તેને ૫૯ મોબાઈલની ચીલઝડપ કરી હોવાની કબૂલાત આપતા પોલીસે રૂ.૪.૨૮લાખના ચોરાઉ મોબાઈલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# કુવાડવા રોડ પર રિક્ષાએ બાઈકને ઠોકરે ચડાવતા પ્રૌઢનું કરૂણ મોત

## પુત્રીની સગાઈ બાદ મીઠાઈના બીલની ચુકવણી કરવા જતી વેળાએ પ્રૌઢને કાળ આંબી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઈવે કુવાડવા ગામે રહેતા આધેડ પુત્રીની સગાઈ બાદ ડેરીએ મીઠાઈની ચુકવણી કરવા જઈ રહ્યા હતા ત્યારે રીક્ષા ચાલકે આધેડના બાઈકને ઠોકરે ચડાવતા જીવલેણ અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા આધેડનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ જાણવા મળતી વિગત મુજબ કુવાડવા ગામે આવેલા હુડકો ક્વાર્ટરમાં રહેતા રમેશભાઈ મોહનભાઈ સોલંકી નામના ૫૧ વર્ષ આધેડ ગઈકાલે પોતાનું બાઈક લઈ કુવાડવા ગામ પાસે શક્તિ હોટલ સામે મેં રોડ રોડ ક્રોસ કરી રહ્યા હતા. ત્યારે સીએનજી રીક્ષાના ચાલકે આધેડના બાઈકને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો અકસ્માતમાં ગંભીત રીતે ઘવાયેલા આધેડને સારવાર મળે તે પૂર્વે જ મોત નીપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે જાણ થતા કુવાડવા રોડ પોલીસ મથક્નો સ્ટાફ તાત્કાલિક દોડી ગયો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી આધેડના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે ખસેડયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક રમેશભાઈ સોલંકી ચાર ભાઈ ચાર બહેનમાં વચ્ચેટ હતા અને તેમને સંતાનમાં બે પુત્ર અને પાંચ પુત્રી છે ગત તા.૯ ના રોજ રમેશભાઈ સોલંકીની પુત્રીની સગાઈ હતી અને પુત્રીના સગાઈ પ્રસંગ બાદ ડેરીએથી લીધેલી મીઠાઈના બિલની ચુકવણી કરવા જઈ રહ્યા હતા ત્યારે રમેશભાઈ સોલંકીને રસ્તામાં જ કાળ ભેટયો હોવાનું જાણવા મળ્યું છે આ બનાવ અંગે કુવાડવા રોડ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# સંત કબીર રોડ પર બોલેરોમાં દારૂની ૫૩૮ બોટલ સાથે ઝડપાયેલાં બુટલેગરના જામીન મંજુર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ ના કર્મચારીઓ પેટ્રોલીંગમા હતા ત્યારે તેઓને બાતમી મળેલ કે સંતકબીર રોડ ગોકુલનગર આવાસ યોજના મા બ્લોક જે ની પાછળ આવેલ રામ મંદિર ની બાજુ માં વિપુલ પરમાર નામનો એક શખ્સ પોતાની બોલેરો પિકઅપ ગાડીમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટ નો વિદેશી દારૂ ની હેરફેરી કરે છે પોલીસ દ્વારા ઉપર દર્શાવેલ જગ્યા પર રેડ કરતાં વિપુલ પરમાર નામ નો શખ્સ મળી આવેલ જેની મહિન્દ્રા કંપનીની પિકઅપ ગાડીમાં તપાસ કરતાં પાછળ ના ભાગે પ્લાસ્ટિક ઢાંકેલ હોય જે દૂર કરી ને જોતાં તેમાંથી ભારતીય બનાવટ ની વિદેશી દારૂની ૪૪ પેટીઓ મળી આવેલ.જે કુલ ૫૩૮ બોટલો હતી. આ ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટ નો વિદેશી દારૂ ની હેરફેરી કરતાં વિપુલ પરમાર નામના શખ્સ ને પોલીસ કર્મચારીઓ દ્વારા ઉપરોક્ત મુદ્દામાલ ના પાસ પરમિટ વિશે પૂછતાં તે રજૂ ન કરી શકતા પોલીસ દ્વારા તેની ધરપકડ કરવામાં આવેલ અને કોર્ટ સમક્ષ રજૂ કરતાં પોલીસ દ્વારા ૨ દિવસ ના રિમાન્ડ ની માંગણી કરાઇ હતી. જ્યારે કોર્ટ દ્વારા એક દિવસ ના રિમાન્ડ મંજૂર કરાયા હતા. ત્યારબાદ કોર્ટ સમક્ષ તેને રજૂ કરતાં કોર્ટ ના હુકમ મુજબ તેને રાજકોટ સેંટ્રલ જેલ હવાલે કરવામાં આવેલ ત્યારબાદ આરોપી દ્વારા પોતાના વકીલ મારફત રાજકોટ સેશન્સ કોર્ટ માં જામીન અરજી દાખલ કરવામાં આવેલ. સદરહું જામીન અરજી ચાલી જતાં આરોપી ના વકીલ અને સરકારી વકીલ ની દલીલો બાદ આ ગુનાના અન્ય આરોપીઓ ફરાર હોવા છતા રાજકોટ સેશન્સ કોર્ટ દ્વારા આરોપીના જામીન મંજૂર કરવા માં આવ્યા હતા.આ કામ માં આરોપી વતી રાજકોટ ના વકીલ તરીકે અજિતભાઈ પરમાર, હુસેનભાઇ હેરંજા, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, શક્તિભાઈ ગઢવી, રવિભાઈ લાલ, જીતભાઈ શાહ, ફૈઝાનભાઈ સમા અને અંકિતભાઈ ભટ્ટ રોકાયા હતા.

# હારીજના મામલતદારે ત્રીજા માળેથી ઝંપલાવી આપઘાત કરતા તર્કવિતર્ક

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હારીજ મામલતદાર કચેરીમાં મામલતદાર તરીકે ફરજ બજાવતા વી.ઓ. પટેલે મામલતદાર કચેરીના નવીન બિલ્ડીંગના ત્રીજા માળેથી પડતું મુકી આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. વી.ઓ. પટેલ દ્વારા ક્યાં કારણોસર આત્મહત્યા કરી તે કારણ હજુ અકબંધ છે. વી.ઓ. પટેલના આપઘાતના સમાચાર સાંભળતા જ



પરિવારજનો તેમજ મિત્રો શોકમાં ગરકાવ થઈ જવા પામ્યા હતા. આ ઘટના બનતા લોકોના ટોળે ટોળા ઘટના સ્થળે ઉમટી પડયા હતા. જે બાદ પોલીસને આ સમગ્ર ઘટના બાબતે જણાવતા પોલીસ પણ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવી હતી. તેમજ લાશને પી.એમ અર્થે મોકલી અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો.તેમજ શા કારણે આત્મહત્યા કરી તે બાબતે લોકોની પૂછપરછ હાથ ધરી હતી.

# ધોરાજીમાં ચોરાઉ બાઈક સાથે શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજી પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પો.ઇન્સ ડી.એચ.રાખોલીયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના માણસો ધોરાજી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન ખાનગી રાહે હકિકત ધોરાજી બાપુના બાવલા ચોક પાસે એક શખ્સ ચોરીના મોટર સાઇકલ સાથે ઉભેલ હોય જેથી તુરતજ હકિકત વાળી જગ્યાએ જઇ



શખ્સ ને ચેક કરી મોટર સાયકલના કાગળો માંગતા નહીં હોવાનું જણાવેલ અને કોઈ સંતોષકારક જવાબ આપતા ન હોય જેથી શખ્સ ને વિશ્વાસમા લઈ પુછપરછ કરતા મોટરસાયકલ ધોરાજી કેલ્વીન હીરો કંપનીના શો રૂમ બહારથી ચોરી કરી લઈ આવેલાનુ જણાવતો હોય જેથી શખ્સ પાસે રહેલ મોટરસાયકલ નો કબ્જે કરી આરોપી સુરેશભાઈ વિઠ્ઠલભાઈ આલાણી જાતે.કોળી ઉવ.30 ધંધો.મજુરી રહે.ધોરાજી હીરપરાવાડી ક્રિષ્ના સ્કુલ સામે વિરુધ્ધ ધોરાજી પો.સ્ટે ખાતે કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# માલિયાસણ ગામે જમીનના ડખ્ખામાં સાત શખ્સોનાં પિતા-પુત્ર પર હીચકારો હુમલો

## અમારી માલીકીનું મકાન કેમ પાડો છો કરી સાતેય શખ્સો તુટી પડયાઃ બંદુકના કુંદા માર્યા, કુવાડવા પોલીસે આર્મ્સ એકટ મુજબ ગુનો નોંધ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે માલીયાસણ ગામે જમીનના પ્રશ્ને ઝગડો કરી અમારી માલિકીમાં આવતુ મકાન કેમ પાડો છો. કહી પિતા અને તેના પુત્ર પર બંધુકના કુંદા તેમજ ધોકા વડે સાત શખસોએ હુમલો કરતા કુવાડવા પોલીસે આર્મસ એકટ સહીતનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ માલીયાસણ ગામે રહેતા અને ખેતીકામ કરતા જગદીશભાઈ રણછોડભાઈ ભુત (ઉ.૫૬) અને તેનો પુત્ર પ્રફુલ (ઉ.૩૦) તેની માલીયાસણ પાસે બીજી વાડીએ હતા ત્યારે દિનેશ રાઘવભાઈ ગમારા,ધનરાજ દિનેશભાઈ ગમારા,દિનેશભાઈનો બીજો પુત્ર,હરી રાધવભાઈ ગમારા,હરીનો પુત્ર,અને બે અજાણ્યા શખસોએ ધસી આવી અમારી માલીકીમાં આવતુ મકાન કેમ પાડો છો. કહી લાકડાના ધોકા તેમજ દિનેશ અને હરીએ બંધુકના કુંદામારી હુમલો કરતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાતા કુવાડવા પોલીસ મથકના પીઆઈ. અકબરી સહીતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી.

પોલીસની પ્રાથમીક તપાસમાં જગદીશભાઈને બીજી વાડી કુવાડવા રોડ પર માલીયાસણગામે મકાન પાડવાનુ કામ ચાલતુ હોય ત્યારે બાજુની વાડીવાળા હરીભાઈ (રહે. આર્યનગર , રાજકોટ)એ આ મકાન પાડોમાં તે મકાન આમારી વાડીમાં આવે છે. અને અમારી વાડીમાં તમારે પ્રવેશ કરવો નહી જેથી તેને આ મકાન અમારૂ વર્ષો જુનુ છે. અને જમીન માપણી કરાવા તપાસમાં આવે છે. જેથી તેને આ મકાન હવે તમે પાડોમાં અને નીચે ઉતરી જાવ તેમ મજુરોને કહેતા તેને લઈને આમારી વાડીએ આવ્યા હતા અને થોડીવાર બાદ ફોન કરી વાડીએ બોલવતા જગદીશભાઈ અને તેનો પુત્ર પ્રફુલ ગયા હતા જયા બોલેરો કારમાં આવેલા સાત શખસોએ અમારી માલીકીની જમીનમાં આવતુ મકાન કેમ પાડો છો કહી હુમલો કર્યો હોવાનુ જણાવતા પોલીસે જગદીશભાઈની ફરીયાદ પરથી ગુનો નોંધી સાત આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

# ધારીના કમરદડી ગામે જીવલેણ હુમલામાં ઘવાયેલા વૃધ્ધનું મોતઃ હુમલાનો બનાવ હત્યામાં પલ્ટાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધારીના કમરદડી ગામે રહેતા વૃદ્ધ પર તેના પાડોશમાં રહેતા શખ્સ દ્વારા વૃદ્ધ પાસે ઉછીના પૈસા માંગ્યા હતા અને વૃદ્ધે પૈસા આપવાની ના પડતાં પાડોશી શખ્સે તેના મળતીયાઓ સાથે મળી વૃદ્ધ પર પથ્થરો વડે હુમલો કરવામાં આવ્યો હતો જેમાં તેનું ગઇકાલે સારવારમાં મોત નિપજતા બનાવ હત્યામાં પલટાયો છે. જ્યારે પોલીસ હત્યાની કલમનો ઉમેરો કરી કાર્યવાહી કરી છે. ધારીના કમરદડી ગામે રહેતા અને મજૂરી કામ કરતાં મનજીભાઈ ગગજીભાઈ સિરવાડિયા નામના ૫૯ વર્ષીય વૃદ્ધ પર તેના પાડોશમાં રહેતા લાલજી નામના શખ્સ દ્વારા તેના મળતીયાઓ સાથે મળી ગત તા. ૨૮ ના રોજ વૃદ્ધ પર પથ્થરો વડે હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં તેમને ગંભીર ઈજા પહોંચતા અમરેલી બાદ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં તેમનું ગઇકાલે સારવારમાં મોત નિપજતા બનવા હત્યામાં પલટાયો છે. બનાવની જાણ થતાં ધારી પોલીસનો સ્ટાફ હોસ્પિટલે દોડી આવ્યો હતો અને તેમના મૃતદેહને પીએમ અર્થે ખસેડયો હતો. જ્યારે પોલીસ દ્વારા જાણવામાં આવ્યું છે કે, આરોપી લાલજીએ મૃતક મનજીભાઈ પાસેથી ઉછીના પૈસા માવ્યા હતા જે જે આપવાની એ મનજીભાઈએ ના પડતાં લાલજી હુમલો કર્યો હતો. હાલ પોલીસે લાલજી સામે હત્યાની કલમનો ઉમેરો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કાલાવડ રોડ પર ડબલસવારી બાઈકને કારે ઠોકરે ચડાવતા મિત્રની નજર સામે યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કાલાવાડ રોડ પર હરીપરના પાટીયા પાસે કારે બાઈકને ઠોકરે લેતા યુવાન નુ મોત નિપજયુ હતુ જયારે તેને મિત્રને ઈજા થતા તેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાતા તાલુકા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ મેટોડા જી.આઈ.ડી.સી.માં અંજલી પાર્કમાં વ્રજવાટીકા એપાર્ટમેન્ટમાં રહેતો જય સુભાષભાઈ માણાવદીયા (ઉ.૨૪)અને તેના પાડોશમાં રહેતો મિત્ર મલય અમીતભાઈ વધારીયા (ઉ.૧૮) શનીવારે રાત્રીના બાઈક લઈને આવતા હતા ત્યારે હરીપર ગામના પાટીયા પાસે બેકાબુ કારે ઠોકરે લેતા બન્નેને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયા હતા જેમા ગંભીર ઈજા પામેલા જયનુ સારવાર મળે તે પહેલા મોત નિપજતા જમાદાર કિરીટભાઈ સહિતના સ્ટાફે તપાસ કરતા મૃતક યુવક કારખાનામાં મજુરી કામ કરતો હોવાનુ અને ઘવાયેલો તેનો મિત્ર રાજકોટ આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરતો હોય બન્ને નાસ્તો કરવા માટે મિત્રનુ બાઈક લઈને રાજકોટ આવતા હતા તે દરમ્યાન આ બનાવ બન્યો હોવાનુ બહાર આવતા પોલીસે કાર ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.